| GJSN120031572025 | | Received on : 17 - 12 - 2025<br>Registered on : 17 - 12 - 2025<br>Decided on : 01 - 05 - 2026<br>Duration : 00**Y** 04**M** 14**D** |
|---|---|---|

---

**IN THE COURT OF**

**PRINCIPAL CIVIL JUDGE & J. M. F. C**

**AT. SURENDRANAGAR**

**Presided Over by MS. PRITHU SHARMA**

---

**RCS/560/2025**

**Exhibit No.:25**

Plaintiff:

P. G. V. C. L. Sub Division Patadi,

Address: Patadi, Ta- Patadi

**VERSUS**

Defendant:

Virambhai Devabhai Bharvad

Address: At- Pipali, Ta-Dasada, Dis-Surendranagar

---

Advocate for Plaintiff: Mr. D. M. Chavda

Advocate for Defendant: Duly served Ex-Party

---

**બાબત :– દાવો Rs.146390.76/- ની રકમ વસુલવા માટે**

<u>-: ઠરાવ :-</u>

**૧.** આ કામના વાદી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સબ ડીવીઝન ઓફીસ, પાટડીનાઓએ સદરહું દાવો આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ ધી ઈલેકટ્રીસીટી એકટની કલમ ૧૩૫ મુજબ વીજચોરીના બિલની રકમ વસુલ મેળવવા અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

**૨.** આ કામના વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, વાદી કંપનીની મુખ્ય ઓફીસ રાજકોટ મુકામે આવેલ છે અને સબ ડીવીઝન ઓફીસ, પાટડીમાં આવેલ છે. આ કામના પ્રતિવાદી ચેકીંગ સમયે વાદીના કાયદેસરના વીજ ગ્રાહક નથી. વાદી કંપનીના અધિકારીઓએ **તા.૧૩/૦૨/૨૫** ના રોજ વીજચેકીંગ કરતાં આ કામના પ્રતિવાદી વીજચોરી કરતાં મળી આવેલા. પ્રતિવાદી પીપળી ગામમાં જતા આવેલ વોટર વર્કસની ઓલ.ટી. પોલ નં.એલ-૩૨ પરથી પ્રાઈવેટ વાયર કેબલનું ડાયરેક્ટ જોડાણ કરી કેબલ રોડ ક્રોસ કરી નજીકમાં પાણીના તળાવ બાજુ ખુલ્લા ઝાડી વિસ્તારમાં ફ્યુઝ બોર્ડ સ્ટાર્ટરમાંથી એક સ્ટાર્ટરની મોટરમાં ડાયરેકટ પાણીની મોટરનું જોડાણ કરી ખેતીની જમીનમાં પિયત માટે જોડાણ કરી તે રીતે વીજ વપરાશ કરી વીજચોરી કરતાં માલુમ પડેલ. તે અંગેની નોંધ ચેકીંગશીટમાં કરેલ છે. પ્રતિવાદી કુલ-**૫ હો.પા.** નો વીજ વપરાશ કરતાં મળી આવેલા. જેથી ચેકીંગ અધિકારીઓએ સ્થળ ઉપર ચેકીંગશીટ તૈયાર કરેલ અને પ્રતિવાદીના હાજર પ્રતિનિધિએ સહી કરવાની ના પાડેલ. ત્યારબાદ બિન અધિકૃત રીતે ચાલુ વીજ સપ્લાય કાપીને વીજ વાયર કબજે કરેલ છે અને વીજ ચોરી અંગે નિયમ મુજબ કેલ્ક્યુલેશન શીટ તૈયાર કરેલ અને સપ્લીમેનટ્રી બિલની ગણતરી કરેલ અને ગણતરી પત્રક પણ આ કામે રજૂ રાખેલ છે. ત્યારબાદ આ કામના પ્રતિવાદીની ફોરવર્ડીંગ પત્ર સાથે નોટીસ આપવામાં આવેલ અને તેમ છતાં તેઓએ નોટીસ મુજબની રકમ ભરેલ નથી. વધુમાં તેઓ જણાવે છે કે, તા.૧૩/૦૨/૨૫ ના રોજ પ્રતિવાદી વિરુદ્ધ સુરેન્દ્રનગર જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે.માં ગુ.રજી.નં.૬૨૭/૨૫ થી પ્રતિવાદી વિરુદ્ધ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામના પ્રતિવાદીએ

વકીલથી મારફત નોટીસ પણ આપવામાં આવેલ છે તેમ છતાં તેઓએ આજ દિન સુધી સપ્લીમેન્ટ્રી બિલની રકમ ભરી નથી જેથી હાલનો દાવો દાખલ કરવાની જરૂર પડેલ છે.

**૩.** આ કામના પ્રતિવાદીને દાવો દાખલ થતાં નોટીસ/સમન્સ કાઢવામાં આવેલ, જે નોટીસ/સમન્સ આ કામે **આંક–૦૫** થી રજુ છે. પ્રતિવાદીને નોટીસ/સમન્સ સ્વીકારવાની ના પાડતા વગર બજે પરત થયેલ. તેઓ જાતે કે તેમના વકીલ મારફત અત્રેની કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેલ નથી કે વાદીના દાવાનો કોઇ જવાબ રજુ રાખેલ નથી, જેથી પ્રતિવાદી સામે દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે અને તે હુકમને આજદિન સુધી પડકારવામાં આવેલો નથી.

**૪.** આ કામના આખરી નિર્ણય માટે **આંક–૦૭** થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

| **Sr. No** | **Issues** |
|---|---|
| 1 | Whether the plaintiff proves that the defendant has committed theft of the electric energy ? |
| 2 | Whether plaintiff proves that the defendant is liable to pay the amount for energy theft ? If yes, what amount ? |
| 3 | Whether the plaintiff is entitled to get the interest upon the amount to be paid ? If yes, at what rate ? |
| 4 | Whether the plaintiff is entitled to get the relief as asked for ? |
| 5 | What order and decree ? |

**૫.** ઉપરોકત મુદ્દાના સદર અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. નકારમાં

૫. આખરી હુકમ મુજબ

**૬.** પ્રસ્તુત કામમાં વાદી તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી તરફે વાદી કંપનીના નાયબ ઈજનેરનું પુરાવાનું સોગંદનામું. | ૨૩ |

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ચેકીંગશીટ | ૦૯ |
| ૨. | રોજકામ | ૧૦ |
| ૩. | ફોટો ગ્રાફ નંગ–૩ | ૧૧ |
| ૪. | એનેક્ષર–૪ | ૧૨ |
| ૫. | ગણતરી પત્રક | ૧૩ |
| ૬. | વીજચોરીનું પુરવણી બિલ | ૧૪ |
| ૭. | પ્રતિવાદી વિરૂધ્ધ પો.સ્ટે. ફરીયાદ દાખલ કરવા લખેલ પત્ર | ૧૫ |
| ૮. | પ્રતિવાદી વિરૂધ્ધ પો.સ્ટે. માં દાખલ થયેલ ફરીયાદ | ૧૬ |
| ૯. | વાદીએ આપેલ વસુલાત અંગેની નોટીસ | ૧૭ |
| ૧૦. | એક્નોલેજમેન્ટ પાવતી | ૧૮ |
| ૧૧. | પ્રતિવાદીને વકીલ મારફત આપેલ નોટીસ | ૧૯ |
| ૧૨. | લીગલ નોટીસ રજી એડી કર્યા અંગેની પાવતી | ૨૦ |
| ૧૩. | એક્નોલેજમેન્ટ પાવતી | ૨૧ |
| ૧૪. | ડી.પી.સી. | ૨૨ |

**૭.** બાદ **આંક–૨૪** થી વાદીના વિદ્વાન વકીલશ્રીએ પોતાનો વિશેષ પુરાવો રજુ કરવો ન હોય તે મતલબની પુરશીશ આપેલ છે. અત્રે એ હકીકત નોંધનીય છે કે, આ કામના પ્રતિવાદીને દાવાની નોટીસ બજી જવા છતાં

તેઓએ અદાલત સમક્ષ ઉપસ્થિત રહી કોઇ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરેલ ન હોય, આ કામના વાદીના વિદ્વાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલી.

**<u>-: કારણો :-</u>**

**<u>મુદ્દા નં. ૧ થી ૪ :-</u>**

૮. ઉપરોકત તમામ મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંલગ્ન હોય, હકીકતો તેમજ ચર્ચાનું પુનરાવર્તન વારંવાર ન થાય તે આશયથી ઉપરોકત તમામ મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

૯. આ કામમાં કાઢવામાં આવેલ મુદ્દાઓ પુરવાર કરવાનો બોજો વાદીના શીરે રહે છે અને તેના સમર્થનમાં આ કામના વાદી તરફે આંક-**૨૩** થી વાદી કંપનીના નાયબ ઇજનેરનું પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે અને જેમાં તેઓએ તેમની દાવા અરજીમાં જે હકીકત જણાવેલ છે તે મુજબ તેઓએ પોતાનો પુરાવો રજુ રાખેલ છે. હાલના દાવાના કામે વાદીએ પ્રતિવાદી વિરુદ્ધ પો.સ્ટે.માં દાખલ થયેલ ફરીયાદ રજૂ રાખેલ છે પરંતુ તે ફરીયાદ ઉપર આગળ શું કાર્યાવાહી થયેલ તે અંગેની કોઈ વિગત તેમની દાવા અરજી કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. વધુમાં જોવામાં આવે તો વીજ કંપનીના કાયદેસર ગ્રાહક દ્વારા વીજ ચોરી કરવામાં આવે અને ગ્રાહક ના હોય તેવા ઈસમ દ્વારા વીજ ચોરી કરવામાં આવે તો તેવા સંજોગોમાં બંનેનો ભેદ સમજવો અતિ આવશ્યક છે. જયારે કાયદેસરના ગ્રાહક વીજ વપરાશનુ વીજ બિલની રકમની ભરપાઈ ના કરે તેવા સંજોગો માં અને વીજ કંપની ના નીતિનિયમો મુજબ તેઓ વીજ કંપની સાથે વીજ જોડાણ લેવા માટે કરાર કરે છે અને તે કરારના આધારે વીજ કંપની તે વ્યક્તિને ગ્રાહક બનાવે છે અને ગ્રાહક કરારના આધારે વીજ જોડાણ મેળવે છે અને જે વીજ વપરાશ કરે તે વીજ બિલ ગ્રાહક કાયદેસર રીતે ભરવા બંધાયેલ છે અને તે કરારના આધારે સીવીલ લાયબિલીટીથી બંધાયેલા છે અને જો આવી કોઈ વીજ બિલની રકમ ગ્રાહક દ્વારા ભરવામાં ના આવે તો વીજ કંપની આવા બિલની લેણી રકમ વ્યાજ કે પેનલ્ટી સાથે સીવીલ પ્રોસિજર કોડ મુજબ દાવો કરી વસૂલ કરે છે.

વીજ અધિનિયમની કલમ 135 મુજબની જોગવાઈ અને કાર્યવાહી વિશે ચર્ચા કરતા – કાયદાની જોગવાઈ મુજબ જો કોઈ વ્યક્તિ વીજ ચોરી કરતા પકડાય તો, તેને વીજ અધિનિયમની કલમ 135 મુજબ જે તે વ્યક્તિ વિરૂદ્ધ કલમ 135 (1–A) મુજબ 24 કલાક માં એફ.આઈ.આર દાખલ કરાવવાની હોય છે અને તે લેખિત ફરીયાદના આધારે જે તે પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થતા તેનું કોગ્નિઝન્સ નામદાર સ્પેશિયલ કોર્ટ દ્વારા લઈ સબબ વીજ અધિનિયમની કલમ 135 મુજબ પુરાવાને આધીન કરે છે અને જો આરોપીએ વીજ ચોરી કરેલ છે તેવું ઠરાવવામાં આવે તો તેને દંડ અથવા સજા અથવા બંને કરવામાં આવે છે. દંડ નક્કી કરતી વખતે વીજ કંપની દ્વારા જે નુકશાન થયેલ છે તે નિયમોઅનુસાર આકારણી કરી બિલની રકમ રજૂ કરવામાં આવે છે જે રકમને નામદાર સ્પેશિયલ કોર્ટ દંડ તરીકે અથવા સીવીલ લાયબિલીટી તરીકે આરોપીને ભરવા માટે હુકમ કરે છે. એવી રીતે નક્કી કરેલી દીવાની જવાબદારી ની રકમ, જાણે કે દીવાની કોર્ટ નું હુકમનામું હોય તેમ વસુલ કરવામાં આવશે. તે વિશે વીજ અધિનિયમની કલમ 135 મુજબની કલમ મુજબ 3 વર્ષ સુધીની સજા અથવા દંડ અથવા બંને મુજબની સજા છે. કલમ 135(1)એ મુજબ જયારે વીજ ચોરી પકડાય ત્યારે તરત જ અધિકૃત વ્યક્તિ દ્વારા વીજ સપ્લાય બંધ કરવાનો રહે છે તથા જે તે અધિકૃત વ્યક્તિ લેખિતમાં આવી ફરીયાદ નજીક માં પોલીસ સ્ટેશન મા 24 કલાક માં કરવાની રહેશે. હાથ ઉપરના કેસમાં વાદી દ્વારા પ્રતિવાદી વિરુદ્ધ પો.સ્ટે.માં ફરીયાદ આપવાની વિગત દાવા અરજીમાં જણાવવામાં આવેલ છે પરંતુ સદર ફરીયાદ ઉપર આગળની કાર્યવાહી બાબતની કોઈપણ વિગત દાવા અરજીમાં કે તેમની દલીલો દરમ્યાન જણાવવામાં આવેલ નથી. જેથી આવું કહી શકાય નહીં કે ક્રિમીનલ કોર્ટ દ્વારા સદર ફરીયાદમાં પ્રતિવાદી દ્વારા ચોરી કરેલ હોવાની હકીકત પુરવાર થઈ હતી કે નહીં અને તેઓના ઉપર કોઈ સીવીલ લાયબિલીટી કરવામાં આવેલ હતી કે નહીં. હવે જ્યારે કાયદાની હેઠળ સીવીલ અને ક્રિમીનલ લાયબિલીટી નક્કી કરવાની જવાબદારી એક જ કોર્ટને એટલે કે સ્પે. કોર્ટને આપવામાં આવેલ હોય અને વાદી દ્વારા તે સંદર્ભમાં કોઈ પણ

પુરાવા રજૂ કરવામાં આવેલ ન હોય તો તે સંજોગોમાં અત્રેની કોર્ટનું માનવું છે કે વાદીના શીરે મુકવામાં ઓવલ બોજો પુરવાર કરવામાં વાદી નિષ્ફળ નિવડેલ છે. વીજ અધિનિયમની જોગવાઈઓને ધ્યાને રાખતા, વાદી કંપની દ્ધારા વીજ અધિનિયમની કલમ 135 માં ચુકાદો આવે તે પહેલા અને વીજ ચોરીની સીવીલ લાયબિલીટી નિર્ણિત થાય તે પહેલા કલમ 154(5)ની જોગવાઈ જે માત્ર નામદાર સ્પેશિયલ કોર્ટ દ્ધારા જ અમલીકરણ કરી શકાય છે તેમ છતાં કલમ 154(5) નામદાર સ્પેશિયલ કોર્ટનું સીવીલ લાયબિલીટી અંગેનું દીવાની હુકમનામું મેળવ્યા વગર વીજ ચોરીની રકમ વસુલ કરવા અંગેના દાવો કરેલ છે. આમ, ઉપરોક્ત કરેલ ચર્ચાના અનુસંધાને મુદ્દા નંબર ૧ થી ૪ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર ૫ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-: આખરી હુકમ :-</u>**

(૧) વાદીનો દાવો આથી ના મંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ ૦૧, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:- પાટડી
તા:- ૦૧/૦૫/૨૦૨૬

(પૃથુ શર્મા)
પ્રિન્સીપાલ સિવિલ જજ, પાટડી.
કોડ નં. જી.જે. ૦૧૫૬૪